N.Nosov

નિકોલાઈ નોસોવ

THE CRUCIAN CARP


ક્રુસિયન કાર્પ માછલી



ચિત્ર : એલ. ગ્લેડનીઓવા

વિટાલિક ની માઁ એ એને એક ક્રુસિયન કાર્પ માછલી અને એને રાખવા માટે એક નાનું માછલીઘર ભેટ આપ્યા. એ એક સુંદર નાની માછલી હતી. વિટાલિક પહેલા તો બહુ ઉત્સાહિત થયો. એણે એને રોજ ખાવાનું આપ્યું અને માછલીઘર નું પાણી નિયમિતપણે બદલતો રહ્યો. પણ થોડા સમય પછી એણે એમાં રસ ગુમાવી દીધો અને ક્યારેક એ એને ખાવાનું આપવાનું પણ ભૂલી જતો હતો.

વિટાલિક પાસે એક બિલાડી નું બચ્ચું પણ હતું, જેનું નામ મુરઝીક હતું. એની મોટી લીલી આંખો હતી અને ભૂખરા રંગ ની રુવાંટી હતી. મુરઝીક ને માછલીઘર માં માછલી ને તરતી જોવી બહુ ગમતી હતી. એ કલાકો સુધી માછલીઘર પાસે બેસીને કાર્પ માછલી ને જોયા કરતી હતી.



"સારું થશે કે તું મુરઝીક પર તારી નજર રાખ," વિટાલિક ની માઁ એ એને ચેતવણી આપી. "નહીં તો એક દિવસ એ તારી માછલી ને ખાઈ જશે."

"ના, એ એવું નહીં કરે," વિટાલિકે કહ્યું. "હું સુનિશ્ચિત કરીશ કે એ એવું ન કરે."

એક દિવસ જયારે વિટાલિક ની માઁ બહાર ગઈ હતી ત્યારે એનો મિત્ર સેરયોઝા એને મળવા આવ્યો. જયારે એણે માછલી જોઈ તો એણે કહ્યું, "તારી પાસે એક સરસ નાની કાર્પ માછલી છે. જો તું ચાહે તો એને બદલે હું તને એક સીટી આપી શકું છું."

"હું સીટી નું શું કરીશ?" વિટાલિકે કહ્યું. "મને લાગે છે કે સીટી કરતા માછલી ઘણી વધારે સારી છે."

"ના, એવું નથી. તું સીટી ને વગાડી શકે છે, પણ માછલી સાથે તું શું કરી શકે?"

"તું માછલી ને માછલીઘર માં તરતી જોઈ શકે છે. અને એ સીટી વગાડવા કરતા ઘણું વધારે મજેદાર છે."

"જો," સેરયોઝા એ કહ્યું, "એ સિવાય, તારી બિલાડી કોઈ પણ સમયે એ માછલી ને ખાઈ શકે છે અને પછી તારી પાસે સીટી પણ નહીં હોય અને માછલી પણ નહીં. પણ બિલાડી મારી સીટી ખાશે નહીં, કારણકે એ લોખંડ ની બનેલી છે."

"જો, માઁ ને એ પસંદ નથી કે હું મારી વસ્તુઓ ની અદલા-બદલી કરું. જો મારે સીટી જોઈતી હશે તો માઁ મને ચોક્કસ એક સીટી ખરીદી ને આપશે."

"પણ એને આવી સીટી ક્યાંય નહીં મળે," સેરયોઝા એ કહ્યું. "તું આ સીટી કોઈ દુકાન માં ખરીદી નહીં શકે. આ એક અસલી સૈનિક ની સીટી છે. હું જયારે બહાર મારા વાડા માં જાઉં છું અને મારી સીટી વગાડું છું તો બધા મન ફૌજી સમજે છે."

સેરયોઝા એ એના ખિસ્સા માં થી એક સીટી કાઢી અને એમાં જોરથી ફૂંક મારી.

"મને પણ એક વાર વગાડવા દે," વિટાલિકે વિનંતી કરી.

એણે સીટી લીધી અને વગાડી. સીટી એ એટલો જોરદાર અવાજ કર્યો કે એ સાંભળી ને વિટાલિક મંત્રમુગ્ધ થઈ ગયો. હવે વિટાલિક એ સીટી એની પાસે રાખવા ચાહતો હતો પણ એની માછલી આપવા નહોતો ચાહતો.


"જો હું તારી સાથે અદલા-બદલી કરું તો પણ તું એ માછલી ને રાખીશ ક્યાં? તારી પાસે માછલીઘર તો છે નહીં."

"હું એને મુરબ્બા ની બરણી માં રાખીશ. અમારા ઘરે એક મોટી બરણી છે."

"ભલે, તું મારી માછલી લઈ લે," વિટાલિકે હાર માનતા કહ્યું.

માછલીઘર માં થી માછલી ને કાઢવામાં એમને બહુ મુશ્કેલી પડી. માછલી એના હાથ માં થી વારેવારે સરકી જતી હતી. આખરે, જમીન પર ઘણું પાણી ઉડાડયા પછી, સેરયોઝા એને પકડવામાં સફળ થયો. આ પ્રક્રિયા માં એણે એની બાંય કોણી સુધી ભીની કરી લીધી.

"મને માછલી મળી ગઈ!" એણે બૂમ પાડી. "હવે તું જલ્દી થી મારે માટે એક ગ્લાસ માં પાણી લઈ આવ."



વિટાલિક પાણી થી ભરેલો ગ્લાસ લઈ આવ્યો અને સેરયોઝાએ એમાં માછલી નાખી દીધી. પછી બંને મિત્ર સેરયોઝા ને ઘરે ગયા. મુરબ્બા ની બરણી એટલી મોટી ન હતી જેટલી સેરયોઝા એ કહ્યું હતું. માછલીઘર ની તુલના માં આ બરણી માં માછલી માટે બહુ ઓછી જગ્યા હતી. બાળકો ઉભા રહીને માછલી ને બરણી માં આગળ-પાછળ તરતા જોઈ રહ્યા. સેરયોઝા બહુ પ્રસન્ન હતો, પણ વિટાલિક થોડો દુઃખી હતો. એને દિલગીરી હતી કે એણે એની માછલી આપી દીધી હતી. અને સૌથી મહત્વપૂર્ણ વાત એ હતી કે એ એની માઁ ને એ જણાવવા થી ડરતો હતો કે એણે એક સીટી ને બદલે એની માછલી ની અદલા-બદલી કરી હતી.



"કદાચ માઁ ને ખબર નહીં પડે કે માછલી ક્યાં ગઈ છે," એણે ઘરે જતા વિચાર્યું.

પણ જેવો એ ઘરે પહોંચ્યો તો એની માઁ એ પૂછ્યું, "માછલી ક્યાં છે?"

વિટાલિક ને ખબર ન પડી કે એ શું કહે.

"શું મુરઝીક એને ખાઈ ગઈ?"

"મને ખબર નથી," વિટાલિક બબડયો.

"જો," એની માઁ એ કહ્યું, "બિલાડીએ ત્યાં સુધી રાહ જોઈ હશે જ્યાં સુધી બધા લોકો બહાર ગયા ન હોય. પછી એણે માછલીઘર માં થી પાણી કાઢ્યું હશે અને માછલી ને ગળી ગઈ હશે. જરા બધી બાજુ ઊડેલું પાણી તો જો! દુષ્ટ બિલાડી! એ ક્યાં છે? એને તુરંત શોધ."

"મુરઝીક! મુરઝીક!" વિટાલિકે બૂમ પાડી, પણ મુરઝીક એને ક્યાંય દેખાઈ નહીં.

"એ બારી માં થી બહાર કૂદી ગઈ હશે," એની માઁ એ કહ્યું, "જા, એને બહાર જઈને જો."

વિટાલિકે એનો કોટ પહેર્યો અને બહાર ચાલ્યો ગયો.

"હે ભગવાન, હવે હું શું કરું?" એણે બહુ દુઃખી થઈને વિચાર્યું. "હવે મુરઝીક ને મારે લીધે સજા થશે."

એ પાછો ફરીને માઁ ને કહેવા જ જતો હતો કે મુરઝીક ને ક્યાંય શોધી નહોતો શક્યો, ત્યાં મુરઝીક પોતે ભંડકિયા માં જવાના બાકોરા માં થી બહાર નીકળી અને દરવાજા તરફ ભાગી.

"મુરઝીક પ્રિયે, તું ઘર ની અંદર નહીં જતી," વિટાલિકે કહ્યું, "નહીં તો માઁ તને આકરી સજા કરશે."



મુરઝીકે ઘુરઘુરાટી કરી અને એનું મોઢું વિટાલિક ના પગ સાથે ઘસ્યું અને ધીરે થી મિયાઉં મિયાઉં કર્યું.

"શું તને સમજાતું નથી, મૂરખ બિલાડી?" વિટાલિકે કહ્યું. "તારે ઘર ની અંદર જવું ન જોઈએ."

પણ મુરઝીકે એની એક પણ વાત ન સાંભળી. એણે વિટાલિક તરફ પ્રેમ થી જોયું, એનું શરીર ઘસ્યું અને એના માથા થી એને ધીરે થી ધક્કો માર્યો જાણે એ વિટાલિક ને જલ્દી થી દરવાજો ખોલવા માટે વિનંતી કરી રહી હોય. વિટાલિકે એને દરવાજા થી દૂર ખેંચવાની કોશિશ કરી, પણ મુરઝીક ત્યાં જ ઉભી રહી. વિટાલિકે જલ્દી થી દરવાજો ખોલ્યો, અને એ પોતે અંદર ચાલ્યો ગયો, અને એ પહેલા કે મુરઝીક એની પાછળ આવે, એણે ઝડપ થી દરવાજો બંધ કરી દીધો.

"મિયાઉં!" મુરઝીકે દરવાજા ની બીજી બાજુ થી અવાજ કર્યો.

વિટાલિકે એનું માથું બહાર કાઢ્યું. "ચૂપ રહે, મૂરખ. જો માઁ સંભાળશે તો તારી ખૂબ પીટાઈ થશે!"

એણે બિલાડી ને ઉપાડી અને ભંડકિયા ના બાકોરા માં થી એને ધકેલવાનું શરુ કર્યું. મુરઝીકે ચારેય પંજા થી એનો વિરોધ કર્યો. એ ભંડકિયા માં પછી જવા નહોતી ચાહતી.

"અંદર ભંડકિયા માં જા, મૂરખ," વિટાલિકે ધીમે થી કહ્યું, "અને ત્યાં જ રહે."

આખરે એ બિલાડી ના બચ્ચા ને બાકોરા માં થી ભંડકિયા માં ધકેલવામાં સફળ થયો, પણ બિલાડી ની પૂંછડી હજી બહાર નીકળેલી હતી. પૂંછડી થોડી વાર ગુસ્સા થી હલતી રહી, પછી એ પણ ભંડકિયા માં ગાયબ થઈ ગઈ. હવે વિટાલિક ખુશ હતો : એણે વિચાર્યું કે મુરઝીક સમજી ગઈ હતી કે એને ભંડકિયામાં આરામ થી બેસવું જોઈએ. પણ બીજી જ મિનિટે મુરઝીકે એનું માથું ફરી બાકોરા માં થી બહાર કાઢ્યું.



"તું ક્યાં જઈ રહી છે, મૂરખ!" વિટાલિક બબડયો, અને બાકોરા ને એના હાથો થી ઢાંકી દીધું. "શું મેં તને કહ્યું નહોતું કે તારે હમણાં ઘર ની અંદર નથી જવાનું?"

"મિયાઉં!" મુરઝીકે અવાજ કર્યો.

વિટાલિકે કહ્યું, "બતાવ પ્રિયે, હવે હું તારી સાથે શું કરું?"

એણે બાકોરા ને ઢાંકવા માટે કોઈ વસ્તુ ની શોધ કરી. ભંડકિયા પાસે જમીન પર એક ઈંટ પડી હતી. વિટાલિકે ઈંટ ઉઠાવી અને એને બાકોરા સામે ઉભી રાખી દીધી.

"જો," વિટાલિકે કહ્યું, "હવે તું બહાર નીકળી નહીં શકે. તું થોડી વાર ત્યાંજ રહે. કાલ સુધી મમ્મી માછલી વિષે બધું ભૂલી જશે અને પછી જ હું તને બહાર જવા દઈશ."

વિટાલિક ઘરમાં પાછો આવ્યો અને એણે એની માઁ ને કહ્યું કે એને મુરઝીક ક્યાંય ન મળી.

"કંઈ વાંધો નહીં," મમ્મી એ કહ્યું. "એ ક્યારેક તો પાછી આવશે. હું એને એની ભૂલ માટે ક્યારેય માફ નહીં કરું."

એ દિવસે રાત્રી ભોજન વખતે વિટાલિક ને બહુ દુઃખ થયું.

એને કંઈ પણ ખાવાની ઈચ્છા ન હતી.

"અહીં હું રાત્રી ભોજન કરી રહ્યો છું," એણે વિચાર્યું, "અને બિચારી મુરઝીક ત્યાં અંધારા ભંડકિયા માં બેઠી છે."





જયારે એની માઁ ટેબલ પરથી જતી રહી, તો વિટાલિકે એની પ્લેટ માં થી એના હિસ્સા નું માંસ લીધું અને એને એના ખિસ્સા માં છુપાવી લીધું અને ભંડકિયા તરફ ભાગ્યો. એણે ઇંટ ને એક બાજુ સરકાવી અને ધીરે થી અવાજ કર્યો : "મુરઝીક! મુરઝીક!"

પણ મુરઝીકે કોઈ ઉત્તર ન આપ્યો. વિટાલિક નીચે ઝૂક્યો અને બાકોરા માં થી ડોકિયું કર્યું, પણ નીચે એટલું અંધારું હતું કે એને કંઈ દેખાયું નહીં.

"મુરઝીક! મુરઝીક!" વિટાલિકે ફરી બૂમ પાડી. "બહાર આવ, મારી વ્હાલી બિલાડી! હું તારે માટે એક સરસ માંસ નો ટુકડો લાવ્યો છું."

પણ મુરઝીક દેખાઈ નહીં.

"તું નહીં આવે? ઠીક છે, તું ત્યાં નીચે ભૂખી સૂઈ શકે છે," વિટાલિકે કહ્યું અને પછી એ ગુસ્સા માં ઘરે ચાલ્યો ગયો.

ઘરે મુરઝીક વગર વિટાલિક ને બહુ એકલું લાગવા લાગ્યું. એ સિવાય, એનું મન બહુ ઉદાસ હતું કારણકે એણે એની માઁ ને ખોટું કહ્યું હતું.

માઁએ પણ જોયું કે વિટાલિક દુઃખી લાગી રહ્યો હતો.

"કંઈ વાંધો નહીં, તું આનંદિત થઈ જા," માઁ એ કહ્યું, "હું તારે માટે બીજી માછલી લાવી આપીશ."

"મને બીજી માછલી નથી જોઈતી," વિટાલિકે કહ્યું.

એ એની માઁ ને બધું કહેવા ચાહતો હતો પણ એને હિમ્મત નહોતી થતી, એટલે એણે કંઈ ન કહ્યું. ત્યાં બારી ની બહાર હલકો ખોતરવાનો અવાજ આવ્યો, અને પછી જોરથી "મિયાઉં!"

વિટાલિકે ઉપર જોયું. એણે મુરઝીક ને બારી ની કિનાર પર ઉભેલી જોઈ. મુરઝીક ભંડકિયા માં થી બહાર કેવી રીતે નીકળી?

"અહા!" વિટાલિક ની માઁ એ બૂમ પાડી. "એ રહી બદમાશ! અહીં આવ, દુષ્ટ બિલાડી!"

માઁએ નાની બારી ખોલી અને મુરઝીક અંદર આવી. માઁએ એને પકડવાની કોશિશ કરી, પણ બિલાડી ને કંઈક ગરબડ હોવાનું અનુમાન થઈ ગયું કારણકે એ ત્વરિત ટેબલ પરથી નીચે કૂદી ગઈ.

"ઓહ, ચાલાક નાની બિલાડી," વિટાલિક ની માઁ એ બૂમ પાડી. "એને ખબર છે કે એ દોષી છે. વિટાલિક, એને પકડવામાં મારી મદદ કર."

વિટાલિક ટેબલ નીચે સરક્યો. જયારે મુરઝીકે એને જોયો તો એ છુપાવા માટે સોફા નીચે ભાગી ગઈ. વિટાલિક ખુશ હતો, અને જોકે એ ઈમાનદારી થી એની પાછળ સરકતો રહ્યો, એણે ઘણો અવાજ કર્યો જેથી મુરઝીક ને ભાગવાનો મોકો મળે. મુરઝીક સોફા નીચે થી ઉછળી અને વિટાલિક રૂમ માં અહીં-તહીં એનો પીછો કરવા લાગ્યો.



"એટલો અવાજ નહીં કર," એની માઁ એ કહ્યું. "આ રીતે તું એને ક્યારેય પકડી નહીં શકે."

મુરઝીક બારી ના ચોકઠાં માં કૂદી જ્યાં ખાલી માછલીઘર હતું. એ બારી માં થી પછી કૂદવા જ જતી હતી, પણ ચુકી ગઈ અને પાણી ઉડાડતી માછલીઘર માં પડી ગઈ!

બીજી જ પળે બિલાડી પાણી ઉડાડતી બહાર નીકળી. એ જ ક્ષણે માઁ એ એને બોચી માં થી પકડી.

"હવે હું તને એક સરસ પાઠ ભણાવું."

"મમ્મી, મમ્મી! કૃપા કરીને એને મારો નહીં!" વિટાલિકે બૂમ પાડી અને પછી એ ચોધાર આંસુ એ રડવા લાગ્યો.

"જો, એના પર દયા નહીં ખા. જો એ બિલાડી એ માછલી પર દયા નથી કરી, ખરું ને?"

"એમાં એ બિલાડી નો કોઈ દોષ નથી, મમ્મી."

"નહીં? તો પછી માછલી કોણે ખાધી?"

"માછલી બિલાડી એ નથી ખાધી."

"તો પછી માછલી કોણે ખાધી?"

"એ હું હતો..."

"શું? તે માછલી ખાધી?"

"ના, મેં માછલી નથી ખાધી, મેં...મેં એક સીટી માટે માછલી ની અદલા-બદલી કરી."

"શેને માટે?"



"આને માટે," અને વિટાલિકે એના ખિસ્સા માં થી સીટી કાઢી અને એની માઁ ને બતાવી.

"તું બહુ તોફાની છોકરો છે, તને તારી જાત પર શરમ આવવી જોઈએ."

"અસલ માં હું એ કરવા ચાહતો ન હતો, મમ્મી. પણ સેરયોઝાએ કહ્યું 'ચાલો, બદલી લઈએ,' એટલે મેં એ કર્યું."

"મારો કહેવાનો ભાવાર્થ હતો કે તને સાચું ન કહેવા માટે તારી જાત પર શરમ આવવી જોઈએ. મેં દોષ મુરઝીક પર નાખ્યો. શું બીજા પર આરોપ નાખવો સારી વાત છે?"

"મને ડર હતો કે તમે મને વઢશો."

"ફક્ત કાયર લોકો સાચું બોલવાથી ડરે છે. જો મેં મુરઝીક ને સજા કરી હોત તો તને કેવું લાગત?"

"હું ફરી એવું ક્યારેય નહીં કરું."

"સારું, ખરાબ ન લગાડ. આ વખતે મેં તને માફ કરી દીધો છે કારણકે તેં તારી ભૂલ કબૂલ કરી લીધી છે."

વિટાલિકે મુરઝીક ને ઉપાડી અને એને સુકવવા માટે ચૂલા પાસે લઈ ગયો. આખા શરીર પર ભીની રૂંવાટી ચોટી જવાથી મુરઝીક એક બિલાડી કરતા એક શાહુડી જેવી લાગી રહી હતી. એ દુબળી-પાતળી પણ લાગી રહી હતી, જાણે એણે એક અઠવાડિયા સુધી કંઈ ખાધું ન હોય.

વિટાલિક ને એના પર બહુ અફસોસ થયો. એણે એના ખિસ્સા માં થી માંસ નો ટુકડો કાઢ્યો અને એને મુરઝીક ની સામે ખુરશી માં મૂકી દીધો. મુરઝીકે એને બહુ લિજ્જત થી ખાધો અને પછી સુકાવા માટે એ ખુરશી માં બેસી ગઈ. થોડી વાર પછી એ વિટાલિક ના ખોળા માં ચઢી ગઈ અને એક બોલ ની જેમ ટૂંટિયું વાળી ને બેસી ગઈ અને જોરથી ઘુરઘુર કરવા લાગી. બિલાડી ના ઘુરકાટ નો અવાજ સાંભળી ને વિટાલિક ને બહુ ખુશી મહેસુસ થઈ. એ ઘુરકાટ જ હશે કારણકે એના સિવાય શું હોઈ શકે?